BIU CONCEPT

**ભાસ્કર વિશેષ** | બેન્કોએ રિટેલર્સને આરબીઆઈના સર્ક્યુલર છતાં લોન આપી રહી નથી- આરએઆઈ

# રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના સીઈઓ રાજગોપાલની સેક્ટરમાં બેરોજગારી અટકાવવા સરકારને હસ્તક્ષેપ કરવા માગ

એજન્સી | નવી દિલ્હી

લોકડાઉન સંકટનો સામનો કરવા માટે બેન્કોએ રિટેલર્સને લોન ઉપલબ્ધ કરવા સંદર્ભે કોઈ કામગીરી કરી નથી. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના સર્ક્યુલર હોવા છતાં બેન્ક, નાના અને મધ્યમ ઉદ્યોગોને કોઈપણ પ્રકારની ફાઈનાન્સ સુવિધા આપી રહી નથી. રિટેલર્સને ગ્રાઉન્ડ પર ફંડ આપવા માટે વિભિન્ન પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના સીઈઓ કુમાર રાજગોપાલને આ અંગે જણાવ્યુ હતું. આરએઆઈએ આ સેકટરમાં મોટાપાયે બેરોજગારી અટકાવવા માટે સરકારને હસ્તક્ષેપ કરવા માગ કરી છે. ગોપાલને જણાવ્યુ છે કે, નવો બિઝનેસ પ્લાન સહિત વિભિન્ન ચીજો માટે બેન્કો લોન આપી રહી નથી. વર્તમાનમાં અમારી આવક ઝીરો છે. પરંતુ સેલેરી અને અન્ય ફિક્સ ખર્ચાઓ ચુકવવાના છે. દુકાનો સતત બંધ હેતી હોવાથી સેક્ટરમાં વધતી બેરોજગારી ગંભીર મુદ્દો છે. આ વિષય પર અમે સરકાર પાસે સ્પષ્ટીકરણ માગીએ છીએ. તમામ ઈન્ડસ્ટ્રીના વેચાણો રિટેલ પર નિર્ભર છે. સરકારે અમને તાત્કાલિક ધોરણે મદદ કરવી જોઈએ.

## માર્ચના અંતિમ 15 દિવસમાં રિટેલ ખર્ચનો સરેરાશ રેટ ત્યાર બાદના દિવસોમાં ઘટ્યો

### લોકડાઉનમાં રિટેલ ખર્ચમાં 60 ટકાનો ઘટાડો – એસબીઆઈ કાર્ડ

એક્સટેન્ડેડ લોકડાઉન દરમિયાન રિટેલ ખર્ચમાં 60 ટકાનો ઘટાડો નોંધાયો છે. દેશની બીજી સૌથી મોટી ક્રેડિટ કાર્ડ કંપની એસબીઆઈ કાર્ડે બીએસઈ ખાતે આ જાણકારી આપી હતી. આંકડાઓ અનુસાર, માર્ચના અંતિમ 15 દિવસમાં રિટેલ ખર્ચનો સરેરાશ રેટ માર્ચના 16 દિવસની તુલનાએ 31 ટકા ઘટ્યો છે. ક્રેડિટ કાર્ડ કંપની અનુસાર, માર્ચમાં ફર્સ્ટ હાફની તુલનાએ એક્સટેન્ડેડ લોકડાઉન દરમિયાન 60 ટકાન ઘટાડો નોંધાયો છે. કોર્પોરેટ કાર્ડ ખર્ચ પણ આ દરે ઘટ્યો છે. લોકડાઉન વધતાં અને અનિશ્ચિતતાઓને લીધે લોકો માત્ર જરૂરિયાતનો સામાન ખરીદી રહ્યા છે.

### ઈ-કોમર્સ, કેશ એન્ડ કેરી અને પારંપારિક ચેનલમાં ઘટાડો જારી

સર્વે એજન્સી નીલ્સન અનુસાર, અંતિમ સપ્તાહમાં દેશના ચારમાંથી 3 રિટેલ ચેનલમાં મોટાપાયે ઘટાડો નોંધાયો છે. રિટેલ સેક્ટરમાં ઈ-કોમર્સ, કેશ એન્ડ કેરી, પારંપારિક અને મોર્ડન ચાર પ્રમુખ ચેનલ છે. પરંતુ એક મોર્ડનને બાદ કરતાં અન્ય 3 ચેનલ્સમાં મોટાપાયે ઘટાડો નોંધાયો છે. શોપિંગ માર્ટ, હાઈપરમાર્ટ, મીની સુપરમાર્ટ વગેરે મોર્ડન ટ્રેડ ચેનલમાં સમાવિષ્ટ છે. લોકડાઉનના નિયમોમાં કડક વલણ બાદ એપ્રિલમાં મોટાપાયે ઘટાડો નોંધાવશે.

### મે મહિનામાં બેન્કો 13 દિવસ બંધ રહેશે

કોરોના વાયરસ મહામારી અટકાવવા માટે દેશવ્યાપી લોકડાઉનમાં બેન્કો ખુલી છે. પરંતુ આગામી મે મહિનામાં બેન્કો આશરે 13 દિવસ બંધ રહેશે. જેની પાછળનુ કારણ જાહેર રજાઓ છે. જેથી બેન્કો સાથે જોડાયેલા કામકાજ વહેલા પૂર્ણ કરવાથી મુશ્કેલીઓનો સામનો નહિં થાય.

### સતત 4થી 5 દિવસ રજા

1 મેના મજૂર દિવસ છે. અને 3 મેના રવિવારે હોવાથી દેશભરની બેન્કો બંધ રહેશે. 7મેના બુદ્ધ પૂર્ણિમા, 8મેના રવિન્દ્રનાથ ટાગોર જયંતિ, 9મેના બીજો શનિવાર, 10મેના રવિવારને લીધે બેન્કોમાં સતત ચાર દિવસની રજા રહેશે. 17મેના રવિવારે, 21 મેના શબ-એ-કાદર છે.